શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન,
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સેક્ટર–૧૭, ગાંધીનગર
ફોન નં. ૦૭૯, ૩૨૩૫૦૬૯,૨૩૨૩૪૯૩૯
ફેક્સ: ૨૩૨૩૨૪૩૬, E-mail: gecell@gmail.com
ssamstatett@gmail.com
Tollfree No. 1800 233 7965

**ક્રમાંક : એસએસએ/ટીટી/૧૩/૧૮૫૩૪–૬૩૧** **તા.૩૦.૪.૧૩**

પ્રતિ,
જિલ્લા વિકાસ અધિકારીશ્રી
જિલ્લા પંચાયત ભવન,
જિલ્લા : તમામ

**વિષય : સેવાકાલીન શિક્ષક તાલીમ અંતર્ગત ૩ દિવસની બ્લોક કક્ષાની તાલીમ અને ૧ દિવસની ક્લસ્ટર કક્ષાની તાલીમના આયોજિત કરવા અંગે.(તા. ૫ જૂન થી તા.૮ જૂન–૨૦૧૩)**

**શ્રીમાન,**

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ : ૨૦૧૩–૧૪ના બજેટમાં ૫ દિવસની બ્લોક કક્ષાની તાલીમ અને ૫ દિવસની ક્લસ્ટર કક્ષાની તાલીમ યોજવાની જોગવાઈ મંજુર થયેલ છે. આ બંન્ને પ્રકારની તાલીમ માટે પ્રતિ શિક્ષક પ્રતિ દિવસ રૂા.૧૦૦/– પ્રમાણે ગ્રાન્ટ મળનાર છે.

શિક્ષક તાલીમના આયોજન અન્વયે દર વર્ષની જેમ આ વર્ષે પણ જીસીઈઆરટી અને એસએસએની સંયુક્ત પરામર્શન બેઠક તા.૨૦.૨.૧૩ના રોજ મળેલ હતી.

મિટીંગમાં નક્કી થયેલ વ્યુહરચના પ્રમાણે સમગ્ર વર્ષ દરમ્યાન કરવાની થતી સેવાકાલીન શિક્ષક તાલીમના દિવસો, પધ્ધતિ, સમયપત્રક, મોડયુલ નિર્માણ સામગ્રી, મોનીટરીંગ વ્યવસ્થા, તજજ્ઞોની પસંદગી અને તાલીમ વગેરે અંગે સર્વગ્રાહી સુચનાઓ નીચે મુજબ છે.

આ સર્વગ્રાહી સૂચનાઓને અનુસરીને આગામી તા. ૫ થી ૭ જુન–૧૩માં યોજાનાર ૩ દિવસની બ્લોક કક્ષાની બિન નિવાસી તાલીમ અને ૧ દિવસની ક્લસ્ટર કક્ષાની તાલીમ આયોજિત કરવાની રહેશે.

તા. ૩ થી ૫ જૂન દરમ્યાન પ્રજ્ઞા રીઓરીએન્ટેશન શિક્ષક તાલીમ અને તા. ૬ થી ૮ જૂનના દરમ્યાન પ્રજ્ઞા ઈન્ડકશન શિક્ષક તાલીમ માટે, અત્રેના તા.૨૬.૪.૧૩ ના પત્રક્રમાંક : એસએસએ/ક્યુઈસેલ/ ૨૦૧૩/ ૧૮૪૪૦–૪૯૭ થી આપવામાં આવેલ આયોજન મુજબ તાલીમ યોજવાની રહેશે.

ઉક્ત તાલીમનું આયોજન નીચે મુજબ જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સર્વ શિક્ષા અભિયાન કચેરી કક્ષાએથી કરવાનું થતું હોઈ, જે અન્વયે આપની કક્ષાએથી સદરહુ પરિપત્રમાં આપેલ સર્વગ્રાહી સુચનાઓ અનુસારની કાર્યવાહી કરવા માર્ગદર્શનસહ સુચના પાઠવવા જણાવવામાં આવે છે.

**<u>(અ) બ્લોક કક્ષાની ૩ દિવસની તાલીમ :</u>**

જીસીઈઆરટી અને એસએસએની તાલીમ સંયુક્ત પરામર્શન બેઠકમાં તાલીમના તજજ્ઞો, તજજ્ઞોની તાલીમ, મોડયુલ નિર્માણ, RPs તાલીમ અને શિક્ષક તાલીમ માટે નીચે મુજબ આયોજન થયેલ છે.

1. KRPs તાલીમ જીસીઈઆરટી ધ્વારા રાજયકક્ષાએ તા.૧ જુન પહેલાં પૂર્ણ કરવામાં આવનાર છે.
2. RPs તાલીમ(બ્લોક અને ક્લસ્ટર કક્ષાની તાલીમના તજજ્ઞો)જિલ્લા કક્ષાએ રીસોર્સ પર્સનની તાલીમ તા.૧ જુન પહેલા ડાયટ ધ્વારા જિલ્લાકક્ષાએ પૂર્ણ કરવામાં આવનાર છે.
3. ૩ દિવસની બ્લોક કક્ષાની તાલીમ તા.૫ થી ૭ જૂન દરમ્યાન બ્લોક કક્ષાએ યોજાશે. જેનું આયોજન નીચે મુજબ છે.
4. જુના પ્રજ્ઞા શિક્ષકો માટેની તાલીમ તા.૩ થી ૫ જુન અને નવા પ્રજ્ઞા શિક્ષકો માટે ૬ થી ૮ જુન દરમ્યાન ૩–૩ દિવસ માટે બ્લોકકક્ષાએ યોજાશે.



Downloaded From: prashantgavaniya.blogspot.in

- ધોરણ–૧ થી ૫ ના શિક્ષકોએ ધોરણના જુથમાં તાલુકા કક્ષાએ નિયત કરેલ તાલીમ સ્થળે તાલીમ મેળવવાની રહેશે.
- વર્ગ શિક્ષક સિવાયના તમામ શિક્ષકોએ તેમના મહત્તમ તાસ જે તે ધોરણ/વિષયમાં લેવાના થતાં હોય તે ધોરણ/વિષયમાં તાલીમ મેળવવાની રહેશે.

<u>ઉકત તાલીમ જૂથમાં મુખ્ય શિક્ષક કેડર અંતર્ગત નિમણૂંક આપેલ મુખ્ય શિક્ષકોને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન(ડાયટ) ધ્વારા જીસીઈઆરટી અંતર્ગત ટીચર્સ એજયુકેશન સ્કીમ ની ગ્રાન્ટમાંથી અલાયદી તાલીમ યોજવામાં આવનાર હોઈ, એસએસએ અંતર્ગતની સેવાકાલીન શિક્ષક તાલીમમાં આ મુખ્ય શિક્ષકોને જોડાવાનું નથી તે અંગેની જાણ જિલ્લાકક્ષાએથી સંબંધિત તમામને કરવાની રહેશે જેથી ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય નહી.</u>

<u>તાલીમના વિષય માટે સમયની વહેંચણી :</u>

1. પ્રેરક પ્રવચન દરરોજ ૩૦ મિનીટ
2. એસએસએ મેનેજરીયલ વિષય દરરોજ ૬૦ મિનીટ (૧ કલાક)
3. ફ્રન્ટલાઈન કરીકયુલમ અને આરટીઈ દરરોજ ૬૦ મિનીટ(૧ કલાક)
4. વિષયવસ્તુ આધારિત તાલીમ : દરરોજ ૨૧૦ મિનીટ (૩ કલાક ૩૦ મિનીટ)

ઉકત ક્રમ–(૩) અને (૪) આધારિત વિષયની તાલીમ માટેનું વિગતવાર સમયપત્રક જીસીઈઆરટી ધ્વારા, ડાયટને મોકલવામાં આવશે જેથી તદ્અનુસાર બ્લોક કક્ષાની તાલીમનું સર્વગ્રાહી આયોજન જિલ્લાકક્ષાએથી તૈયાર કરવાનું રહેશે.

<u>તાલીમ મોડયુલ :</u> પ્રજ્ઞા શિક્ષક સિવાયના તમામ શિક્ષકોને તાલીમ મોડયુલ નીચે મુજબ જિલ્લા કક્ષાએથી પ્રિન્ટ કરાવીને, તાલીમ પૂર્વે તાલીમ સ્થળે બિનચુક પહોંચાડવાના રહેશે.

| ધોરણ ૧ થી ૫ | ધોરણ– ૬ થી ૮ |
|---|---|
| **પ્રજ્ઞા સિવાયના શિક્ષકો માટે**<br>**મોડયુલ**<br>ભાગ–૧<br>• પ્રવૃત્તિ ધ્વારા જ્ઞાન<br>ભાગ–૨<br>• સતત અને સર્વગ્રાહી મુલ્યાંકન<br>• શૈક્ષણિક ઈનોવેશન<br>• ઈન્કીલ્યુઝીવ એજયુકેશન<br>• સર્વાંગી વિકાસના વિષયો (સંગીત,શા.શિક્ષણ, કાર્યાનુભવ, ચિત્ર)<br>• જળ સંચય<br>ભાગ–૩<br>• **મેનેજરીયલ વિષયો**<br>– વિકલાંગ બાળકો માટેનું શિક્ષણ.<br>– શાળા બહારના બાળકો માટેનું શિક્ષણ<br>– હિસાબી અને નાણાંકીય કામગીરી | <u>મોડયુલ : ગણિત, વિજ્ઞાનના શિક્ષકો માટે</u><br>ભાગ–૧ : ગણિત, વિજ્ઞાન વિષયવસ્તુ.<br>ભાગ–૨<br>• સતત અને સર્વગ્રાહી મુલ્યાંકન<br>• શૈક્ષણિક ઈનોવેશન<br>• ઈન્કીલ્યુઝીવ એજયુકેશન<br>• સર્વાંગી વિકાસના વિષયો (સંગીત,શા.શિક્ષણ, કાર્યાનુભવ,ચિત્ર)<br>• જળ સંચય<br>ભાગ–૩. **મેનેજરીયલ વિષયો**<br>– વિકલાંગ બાળકો માટેનું શિક્ષણ.<br>– શાળા બહારના બાળકો માટેનું શિક્ષણ<br>– હિસાબી અને નાણાંકીય કામગીરી<br><u>મોડયુલ : ભાષાઓ(ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત)</u><br>ભાગ–૧ : ભાષાઓ (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત)વિષયવસ્તુ.<br>ભાગ–૨<br>• સતત અને સર્વગ્રાહી મુલ્યાંકન<br>• શૈક્ષણિક ઈનોવેશન<br>• ઈન્કીલ્યુઝીવ એજયુકેશન<br>• સર્વાંગી વિકાસના વિષયો (સંગીત,શા.શિક્ષણ, કાર્યાનુભવ,ચિત્ર)<br>• જળ સંચય |



Downloaded From: prashantgavaniya.blogspot.in

| | |
|---|---|
| | ભાગ–૩. : **મેનેજરીયલ વિષયો**<br>– વિકલાંગ બાળકો માટેનું શિક્ષણ.<br>– શાળા બહારના બાળકો માટેનું શિક્ષણ<br>– હિસાબી અને નાણાંકીય કામગીરી<br>**મોડયુલ : સામાજીક વિજ્ઞાનના શિક્ષકો માટે**<br>ભાગ–૧ : સામાજીક વિજ્ઞાન વિષયવસ્તુ.<br>ભાગ–૨<br>• સતત અને સર્વગ્રાહી મુલ્યાંકન<br>• શૈક્ષણિક ઈનોવેશન<br>• ઈન્કીલ્યુઝીવ એજયુકેશન<br>• સર્વાંગી વિકાસના વિષયો (સંગીત,શા.શિક્ષણ, કાર્યાનુભવ,ચિત્ર)<br>• જળ સંચય<br>ભાગ–૩. મેનેજરીયલ વિષયો<br>– વિકલાંગ બાળકો માટેનું શિક્ષણ.<br>– શાળા બહારના બાળકો માટેનું શિક્ષણ<br>– હિસાબી અને નાણાંકીય કામગીરી |

તાલીમ પૂર્વેનું સાહિત્ય તથા શિક્ષક સ્વમૂલ્યાંકન કસોટીઓ અને જવાબ ચાવી, તાલીમ પૂર્વે શિક્ષકોને સજજતા માટે આપવી જરૂરી હોઈ, તે જિલ્લા કક્ષાએથી જરૂરી સંખ્યામાં પ્રિન્ટ/ઝેરોક્ષ કરાવીને વેકેશન પૂર્વે શિક્ષકોને મળી જાય તે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

**તાલીમ દરમ્યાનના ખર્ચ અંગે :**

વર્ષ ૨૦૧૩–૧૪ માં સેવાકાલીન શિક્ષક અંતર્ગત બજેટ મંજુરી માટેની PAB મીટીંગમાં થયેલ પ્રાથમિક ચર્ચા અન્વયે જાણવા મુજબ, ૫ દિવસની બ્લોક કક્ષાની તથા ૫ દિવસની કલસ્ટરકક્ષાની તાલીમ કરવા અંગેની જોગવાઈ મંજુર થયેલ છે.

આ તાલીમમાં બજેટમાં થયેલ જોગવાઈ અનુસાર બ્લોકકક્ષા અને કલસ્ટરકક્ષા, આ બન્ને પ્રકારની તાલીમ માટે પ્રતિ શિક્ષક પ્રતિ દિવસ રૂ.૧૦૦/– ની ગ્રાન્ટ મંજુર થયેલ છે.

પ્રથમ તબકકામાં ૩ દિવસની તાલીમ ૫ જુન થી ૭ જુન દરમ્યાન તમામ શિક્ષકો માટે તાલુકા મથકે યોજવામાં આવનાર છે.

બ્લોકકક્ષાની તાલીમ માટે મંજુર થયેલ રૂ. ૧૦૦/–ની જોગવાઈમાંથી તાલીમ દરમ્યાનના વાહનભથ્થાં, રીફ્રેશમેન્ટ(ભોજન) અને દૈનિક ભથ્થું(ડીએ)ના ખર્ચ અંગે ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબની નીતિ નકકી કરેલ છે, તેને અનુસરવાનું રહેશે.

(૧) તાલીમ તાલુકા મથકે ઉપસ્થિત રહેનાર શિક્ષકને રૂ. ૪૦ ની મહત્તમ મર્યાદામાં વાહનભથ્થું ચુકવવાનું રહેશે.

(૨) બ્લોકકક્ષા તથા કલસ્ટરકક્ષા બન્ને પ્રકારની તાલીમમાં અલ્પાહારને બદલે રીફ્રેશમેન્ટ(ભોજન) મહત્તમ રૂ.૪૦/–ની મર્યાદામાં આપવાનું રહેશે.

(૩) તાલીમમાં ઉપસ્થિત રહેનાર શિક્ષકને રીફ્રેશમેન્ટ(ભોજન) આપવામાં આવનાર હોઈ, દૈનિકભથ્થું(ડીએ) નિયમાનુસાર ૨૫% ડી.એ. ચુકવવાનું રહેશે.

(૪) સદર તાલીમના મોડયુલ ગત વર્ષની નીતિ અનુસાર જિલ્લા કક્ષાએથી છપાવીને આપવાનું નકકી કરેલ હોઈ, તેના પ્રિન્ટીંગ અંગેનો સંભવિત મહત્તમ ખર્ચ પ્રતિ દિવસ, પ્રતિ શિક્ષકના રૂ. ૧૦ પ્રમાણે ૩ દિવસની બ્લોકકક્ષાની તાલીમના કુલ રૂ. ૩૦ ની મર્યાદામાં કલસ્ટરકક્ષાની તાલીમમાં ઉધારવાનો રહેશે.



Downloaded From: prashantgavaniya.blogspot.in

| | |
|---|---|
| | **ભાગ–૩. : મેનેજરીયલ વિષયો**<br>– વિકલાંગ બાળકો માટેનું શિક્ષણ.<br>– શાળા બહારના બાળકો માટેનું શિક્ષણ<br>– હિસાબી અને નાણાંકીય કામગીરી<br>**<u>મોડયુલ : સામાજીક વિજ્ઞાનના શિક્ષકો માટે</u>**<br>ભાગ–૧ : સામાજીક વિજ્ઞાન વિષયવસ્તુ.<br>ભાગ–૨<br>• સતત અને સર્વગ્રાહી મુલ્યાંકન<br>• શૈક્ષણિક ઈનોવેશન<br>• ઈન્કીલ્યુઝીવ એજ્યુકેશન<br>• સર્વાંગી વિકાસના વિષયો (સંગીત,શા.શિક્ષણ, કાર્યાનુભવ,ચિત્ર)<br>• જળ સંચય<br>ભાગ–૩. મેનેજરીયલ વિષયો<br>– વિકલાંગ બાળકો માટેનું શિક્ષણ.<br>– શાળા બહારના બાળકો માટેનું શિક્ષણ<br>– હિસાબી અને નાણાંકીય કામગીરી |

તાલીમ પૂર્વેનું સાહિત્ય તથા શિક્ષક સ્વમૂલ્યાંકન કસોટીઓ અને જવાબ ચાવી, તાલીમ પૂર્વે શિક્ષકોને સજજતા માટે આપવી જરૂરી હોઈ, તે જિલ્લા કક્ષાએથી જરૂરી સંખ્યામાં પ્રિન્ટ/ઝેરોક્ષ કરાવીને વેકેશન પૂર્વે શિક્ષકોને મળી જાય તે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

**<u>તાલીમ દરમ્યાનના ખર્ચ અંગે :</u>**

વર્ષ ૨૦૧૩–૧૪ માં સેવાકાલીન શિક્ષક અંતર્ગત <u>બજેટ મંજૂરી માટેની PAB મીટીંગમાં થયેલ પ્રાથમિક ચર્ચા અન્વયે જાણવા મુજબ, ૫ દિવસની બ્લોક કક્ષાની તથા ૫ દિવસની કલસ્ટરકક્ષાની તાલીમ કરવા અંગેની જોગવાઈ મંજૂર થયેલ છે.</u>

<u>આ તાલીમમાં બજેટમાં થયેલ જોગવાઈ અનુસાર બ્લોકકક્ષા અને કલસ્ટરકક્ષા, આ બન્ને પ્રકારની તાલીમ માટે પ્રતિ શિક્ષક પ્રતિ દિવસ રૂ.૧૦૦/– ની ગ્રાન્ટ મંજૂર થયેલ છે.</u>

પ્રથમ તબકકામાં ૩ દિવસની તાલીમ ૫ જૂન થી ૭ જુન દરમ્યાન તમામ શિક્ષકો માટે તાલુકા મથકે યોજવામાં આવનાર છે.

બ્લોકકક્ષાની તાલીમ માટે મંજુર થયેલ રૂ. ૧૦૦/–ની જોગવાઈમાંથી તાલીમ દરમ્યાનના વાહનભથ્થાં, રીફ્રેશમેન્ટ(ભોજન) અને દૈનિક ભથ્થું(ડીએ)ના ખર્ચ અંગે ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબની નીતિ નકકી કરેલ છે, તેને અનુસરવાનું રહેશે.

(૧) તાલીમ તાલુકા મથકે ઉપસ્થિત રહેનાર શિક્ષકને રૂ. ૪૦ ની મહત્તમ મર્યાદામાં વાહનભથ્થું ચુકવવાનું રહેશે.

(૨) બ્લોકકક્ષા તથા કલસ્ટરકક્ષા બન્ને પ્રકારની તાલીમમાં અલ્પાહારને બદલે રીફ્રેશમેન્ટ(ભોજન) મહત્તમ રૂ.૪૦/–ની મર્યાદામાં આપવાનું રહેશે.

(૩) તાલીમમાં ઉપસ્થિત રહેનાર શિક્ષકને રીફ્રેશમેન્ટ(ભોજન) આપવામાં આવનાર હોઈ, દૈનિકભથ્થું(ડીએ) નિયમાનુસાર ૨૫% ડી.એ. ચુકવવાનું રહેશે.

(૪) સદર તાલીમના મોડયુલ ગત વર્ષની નીતિ અનુસાર જિલ્લા કક્ષાએથી છપાવીને આપવાનું નકકી કરેલ હોઈ, તેના પ્રિન્ટીગ અંગેનો સંભવિત મહત્તમ ખર્ચ પ્રતિ દિવસ, પ્રતિ શિક્ષકના રૂ. ૧૦ પ્રમાણે ૩ દિવસની બ્લોકકક્ષાની તાલીમના કુલ રૂ. ૩૦ ની મર્યાદામાં કલસ્ટરકક્ષાની તાલીમમાં ઉધારવાનો રહેશે.



Downloaded From: prashantgavaniya.blogspot.in